No Pages to Display

# બાલ-કિશોર સાહિત્યનાં શ્રેષ્ઠ પ્રકાશનો

| | | |
|---|---|---|
| વીરાંગનાની કથાઓ (૧૦ પુ.નો સેટ) | તા. પો. અડાલજા | ૧૮–૨૫ |
| શૌર્યકથામાળા (૪૦ પુ. સેટ) | ,, | ૮૨–૦૦ |
| સમાજકથામાળા (૧૦ પુ.નો સેટ) | ,, | ૧૫–૦૦ |
| શ્રેષ્ઠ લોકકથામાળા (૧૦ પુ.નો સેટ) | ,, | ૨૦–૦૦ |
| સંત ચરિત્રમાળા (૬ પુ.નો સેટ) | જેઠાલાલ ત્રિવેદી | ૧૧–૩૫ |
| પ્રવાસ કથામાળા (૧૨ પુ.નો સેટ) | ધીરજલાલ ગજ્જર | ૯–૦૦ |
| વિશ્વના વૈજ્ઞાનિકો (૬ પુ નો સેટ) | ,, | ૧૮–૦૦ |
| બાલ કથામાળા (૧૦ પુ.નો સેટ) | ,, | ૭–૫૦ |
| શ્રેષ્ઠ બાલકથામાળા (૧૦પુ. નો સેટ) | ,, | ૭–૫૦ |
| જ્ઞાનવિકાસ કથામાળા (૬ પુ.નો સેટ) | ,, | ૬–૦૦ |
| વીર કથાવલિ (૬ પુ.નો સેટ) | ,, | ૧૨–૦૦ |
| જ્ઞાનવિજ્ઞાનમાળા (૧૨ પુ.નો સેટ) | રતિલાલ સાં. નાયક | ૭–૨૦ |
| પરીકથામાળા (૧૨ પુ.નો સેટ) | ,, | ૭–૫૦ |
| આનંદકથામાળા (૧૦ પુ.નો સેટ) | ,, | ૨૦–૦૦ |
| છકો અને મકો (૬ પુ.નો સેટ) | જીવરામ જોષી | ૧૩–૫૦ |
| મિયાં ફુસકી (૧૦ પુ.નો સેટ) | ,, | ૨૫–૦૦ |
| રંગીલા રાજા ગ્રંથાવલી (૧૨ પુ.નો સેટ) | હરીશ નાયક | ૧૨–૦૦ |
| રંગકસુંબલ કથામાળા (૧૦ પુ.નો સેટ) | દોલત ભટ્ટ | ૧૦–૦૦ |
| રંગભિનારા કિશોરમાળા (૧૦ પુ.નો સેટ) | પન્નાલાલ પટેલ | ૨૦–૦૦ |
| આપણી લોકકથાઓ (૪ પુ.નો સેટ) | ડૉ. મંજુલાલ મજમુદાર | ૧૧–૦૦ |
| સંસ્કૃત સાહિત્યમાળા (૧૨ પુ.નો સેટ) | વિવિધ લેખકો | ૧૮–૦૦ |
| બુદ્ધિચાતુર્યમાળા (૮ પુ.નો સેટ) | શિવમ્ સુંદરમ્ | ૧૫–૨૫ |
| બીરબલ વિનોદમાળા (૪ પુ.નો સેટ) | ચંદ્રકાન્ત અમીન | ૮–૦૦ |
| બાલવિકાસમાળા (૧૨ પુ.નો સેટ) | શ્રીકાન્ત ત્રિવેદી | ૭–૫૦ |
| પુરાણ કથામાળા (૧૦ પુ.નો સેટ) | હિંમતભાઈ જોષી | ૧૬–૦૦ |

**શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર : ગાંધીમાર્ગ, અમદાવાદ.**


શારદામંદિર - બાલમંદિર

# સોનેરી માછલી

૭-૯-૬

યોજક :
ધીરજલાલ ગજ્જર

અમદાવાદ
૬૩૦



શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર · અમદાવાદ

ક્રમ


સોનેરી માછલી /૩
લાખનું નાક/૩૭



પ્રકાશક : ધનરાજ ઘાસીરામ કોઠારી
શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર
૬/૪, ગાંધીમાર્ગ, અમદાવાદ.




© શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર



આવૃત્તિ : પ્રથમ ૧૯૭૦

કિંમત ૧–૦૦ રૂપિયો



મુદ્રક : શ્રી નિરંજન ટ્રેડિંગ કંપની
ખાડિયા, ચાર રસ્તા,
અમદાવાદ.

# સોનેરી માછલી

દરિયા કિનારો હતો.

ઘૂઘવતો મહાસાગર હતો.

એ મહાસાગરને કિનારે એક ઝૂંપડું



હતું. એ ઝૂંપડામાં એક ગરીબ માછી-
માર રહેતો હતો.

એ માછીમાર ઘરડો હતો.

માછલીઓ પકડીને એ પોતાનું
ગુજરાન ચલાવતો.

માછીમાર નીતિવાળો અને સંતોષી
હતો.

એ માછીમારની એક પત્ની હતી.
એ માછણનો સ્વભાવ ખરાબ હતો.
એ જરા લોભી અને કચકચિયણ
હતી.

દુનિયામાં ઘણા લોકો એવા હોય
છે કે જેને કદી સંતોષ જ થતો નથી.

એના જીવનમાં સદાય હાય હાય જ હોય છે.

આ ઘરડી માછણનો સ્વભાવ પણ એવો જ હતો.

બિચારો માછીમાર આખો દિવસ મહેનત કરે અને સાંજે ટોપલી ભરીને માછલીઓ પકડી લાવે. માછીમારને



કામમાં મદદ કરવાને તથા એની જાળ સૂકવવાને બદલે માછણ તો ઊલટો કકળાટ કરી મૂકે—


'આખા દિવસમાં માંડ એક ટોપલી માછલીઓ પકડી. હું તો આખો દિવસ ઘરમાં વૈતરું કરી કરીને થાકી ગઇ. તમારે તો લહેર છે, આખો દિવસ દરિયાને કિનારે બેસી રહેવાનું અને વાંસળી વગાડ્યા કરવાની. મને તો લાગે છે કે તમને જાળ નાખતાં જ આવડતું નથી, નહિતર આટલી જ માછલીઓ ન પકડાય.'

માછણ તો રોજ આવો કકળાટ કરતી.

અને માછીમારને માટે પણ આ રોજનું થયું એટલે એ એના તરફ ધ્યાન આપતો જ નહિ.

એ છાનોમાનો જમીને સૂઈ જતો.

એણે માછલીઓ પકડવાને માટે દરિયામાં જાળ નાખી, પરંતુ એકેય





માછલી પકડાઈ નહિ એટલે બિચારો માછીમાર નિરાશ થઈને સાંજે જાળ વીંટવા લાગ્યો ત્યારે એને જાળ વજનદાર લાગી.

એ આખી જાળ બહાર કાઢી ત્યારે એમાં એક સુંદર સોનેરી માછલી હતી.

એ માછલીને એણે જાળમાંથી બહાર કાઢી અને હાથમાં લઇ એની ઉપર ખૂબ વહાલથી હાથ ફેરવવા લાગ્યો.

એટલે સોનેરી માછલી બોલી,

'દાદા ! તમે મને છોડી દો, હું સમુદ્રની રાજકુમારી છું. જો મારી ઉપર



દયા કરીને તમે મને છોડી દેશો તો તમે મારી પાસે જે માગ્યા કરશો એ હું તમને આપ્યા કરીશ. તમારી ગરીબી દૂર કરી દઇશ.'

આ વાત સાંભળીને ઘરડા માછીમારને સોનેરી માછલી ઉપર દયા આવી ગઈ.

એણે એ માછલીને પાછી સમુદ્રમાં ધકેલી દીધી.

કિલ્લોલ કરતી સોનેરી માછલી પોતાના રાજભવનમાં પાછી ચાલી ગઈ.

ત્યાં એની સખીઓ અને એની દાસીઓ રાહ જોતી જોતી ગભરાતી હતી.

રાજકુમારી સકુશળ પાછી આવી એટલે રાજભવનમાં ખૂબ ધામધૂમથી ઉત્સવ ઉજવવામાં આવ્યો.

બધી સખીઓએ મળીને ખૂબ ગીત ગાયાં.

પછી મીઠાઈઓ ખાધી.



અને આખી રાત નાચગાન કરી આનંદ આનંદ વરતાવ્યો.

અને સાંજે પેલો ઘરડો માછીમાર ખાલી હાથે ઘેર ગયો.

એને ખાલી હાથે પાછો આવેલો જોઈને પેલી ઘરડી માછણે એને ખૂબ ખૂબ સંભળાવ્યું.

એટલે માછીમારે એ માછણને સોનેરી માછલીની સાચેસાચી વાત કહી સંભળાવી.

ત્યારે માછણે ગુસ્સે થઇને કહ્યું,

'તમારી આ બધી વાતો ખોટી અને બનાવટી છે. હું તો તમારી વાત

ત્યારે જ સાચી માનીશ કે જ્યારે તમે એની પાસેથી નવો નકોર ખાટલો માંગી લાવશો.'

અને બીજે દિવસે એ ઘરડો માછી-માર સમુદ્રકિનારે ગયો.

સમુદ્ર તરફ બે હાથ જોડી રાખી એણે મોટેથી પોકાર કર્યો.



'હે સોનેરી માછલી! તું ક્યાં છે? જરા મારી વિનંતિ તો સાંભળ.'

ઘરડા માછીમારની વિનંતિ સાંભ- ળતાંની સાથે જ એ સોનેરી માછલી તરત જ પાણીનાં મોજાં ઉપર આવી.

એને જોતાં જ ઘરડા માછીમારે ત્રણ વખત વંદન કર્યાં અને પછી કહ્યું–

'હે સમુદ્રની રાજકુમારી! મારી ઘરડી માછણ માટે લાકડાનો એક નવો ખાટલો લાવી આપ. સુંદર ખાટલો જોઈએ હો!'

'એની ઈચ્છા પુરી થશે.....' આમ કહી એ સોનેરી માછલી અદૃશ્ય થઈ ગઈ.

અને ઘેર આવીને એ ઘરડા માછી-
મારે જોયું તો સીસમના સરસ મઝાના
ઢોલિયામાં ઘરડી માછણ સુતી છે.

આ જોઇને ઘરડા માછીમારે સોનેરી
માછલીને હજાર વાર ધન્યવાદ આપ્યા.
પરંતુ એ અસંતોષી અને લોભી





માછણથી સહન થયું નહિ. એ તો નિસાસો નાખીને બોલી,

'લાકડાનો ખાટલો આપવો એ તો કંઈ મોટી વાત છે. એને માટે આટલા બધા ધન્યવાદ એને શાના આપો છો? એને કહો કે આપણી આ ઝૂંપડીની

જગ્યાએ સરસ મકાન બનાવી આપે.

બીજે દિવસે સવારે પાછો એ ઘરડો માછીમાર દરિયાકિનારે ગયો. ત્યાં જઈને એણે ફરી પોકાર કર્યો–

'હે સમુદ્રની રાજકુમારી! તું ક્યાં છો? મારી વાત સાંભળ!'



આ સાંભળીને સોનેરી માછલી ફરી પાછી સામે આવીને ઊભી રહી. ઘરડા માછીમારે ત્રણ વખત માથેથી ટોપી ઉતારીને એને અભિવાદન કર્યાં અને પછી કહ્યું–


'હે રાજકુમારી! મારી માછણને ઝૂંપડામાં તકલીફ પડે છે. એટલે એની જગ્યાએ એક સરસ મઝાનું પાકું મકાન બનાવી દો.'


'એની ઇચ્છા પૂરી થશે....' આમ કહી સોનેરી માછલી અદૃશ્ય થઇ ગઈ.

ઘેર આવીને ઘરડા માછીમારે જોયું તો એની ઝૂંપડાની જગ્યાએ સરસ મઝાનું પાકું મકાન બની ગયું છે,

મકાનના વરંડામાં ઘરડી માછણ હિંડોળાખાટ ઉપર હીંચકી રહી છે, આંગણામાં એક ગાય બાંધી છે, ઘરમાં ખાવાપીવાની બધી જ સામગ્રી આવી ગઇ છે.

ગાયની પાસે થોડીક મરઘીઓ દાણા





ચણી રહી છે, આજુબાજુ અનાજનાં ખેતરો ઝૂલી રહ્યાં છે, આ બધું જોઇને માછીમાર બોલ્યો,

'હવે આપણે સુખેથી રહી શકીશું. હવે કોઇ વાતનું દુઃખ નથી.'


પરંતુ અસંતોષી અને લોભી માછ-

ણને આટલાથી સંતોષ થાય ખરો? એટલે એણે ઘરડા માછીમારને કહ્યું—

'હું તો મહેનત મજૂરી કરી કરીને આ જિંદગીથી તંગ આવી ગઇ છું. હું તો શેઠાણીઓની માફક રહેવા માગું છું, તમે સોનેરી માછલી પાસે જઈને માગો કે મારે તો હવેલી, નોકરચાકર અને સુખસંપત્તિ જોઈએ.'

આ સાંભળીને ઘરડો માછીમાર દુ:ખી થઇ ગયો, પણ કરે શું? ન છૂટકે એ તો બિચારો દરિયાકિનારે આવ્યો અને મોટેથી પોકાર કર્યો—

'હે સોનેરી માછલી! મહેરબાની કરીને મારી પ્રાર્થના સાંભળ.....!'



અને તરત જ સોનેરી માછલીએ બહાર આવીને પૂછ્યું.

'હવે તમારી ઘરડી માછણને શું જોઈએ છે કાકા?'

અને માછીમારે માછણની ઇચ્છાની વાત જણાવી દીધી.

'ભલે, ઘરડી માછણની ઇચ્છા પૂરી થશે, બસ !'

આમ કહી એ સોનેરી માછલી ચાલી ગઇ.

માછીમારે ઘર પાસે આવીને જોયું તો એની ઇચ્છા પૂરી થઇ ગયેલી હતી.



મોટી હવેલી બની ગઇ હતી અને હવેલીને દરવાજે ત્રણ સિપાઇઓ હાથમાં તલવાર લઇને પહેરો ભરતા હતા.

અને ઘરડી માછણ મોટી રાજરાણી જેવી બની ગઇ હતી.

એ ઝરુખામાં ઊભી હતી.

પેલા ઘરડા માછીમારને આવેલો જોઇ એ માછણે સિપાઇઓને કહ્યું—

'આ ઘરડા ભિખારીને ધક્કા મારીને બહાર કાઢો.'

અને એ ઘરડા માછીમારને સિપાઇઓએ ધક્કા મારીને બહાર કાઢયો.

બિચારા માછીમારની ટોપી પણ એકબાજુ ફેંકાઇ ગઇ. એ પણ એક ખાડામાં જઈ ને પડયો.

ઘરડો માછીમાર બિચારો ચાલ્યો ગયો અને ઘોડાના તબેલામાં જઈને રહેવા લાગ્યો.

એને પોતાની ઘરડી માછણના અભિમાન ઉપર રહી રહીને દુઃખ થતું હતું.

થોડા દિવસમાં જ એણે સાંભળ્યું કે એની ઘરડી માછણ દાસદાસીઓને ઠોકર મારે છે અને જરાક ભૂલ થાય તો ચાબૂકના ચાબકા મારે છે.




આ સાંભળીને એ ઘરડા માછીમારને
પારાવાર દુઃખ થયું.
એ જ રાતે દરિયામાં એક મોટું
તોફાન આવ્યું.
ઘરડી માછણ રાજરાણીની અદાથી
એ વખતે સૂવા માટે જઈ રહી હતી.

એને દરિયાના ઘૂઘવાટ બિલકુલ ગમ્યા નહિ. એ ઝરુખામાં ઊભી ઊભી દરિયાનું તોફાન જોઇ રહી.

એ જ વખતે એના મનમાં વિચાર આવ્યો—

જો હું સાગરની મહારાણી બની





જાણેં તો સાગરને પણ મારો હુકમ માનવો પડે, અરે સોનેરી માછલીને પણ મારો હુકમ માનવો પડે.'

અને બીજે દિવસે એ ઘરડી માછણે સિપાઈઓને હુકમ કર્યો—

'એ ઘરડા માછીમારને હાજર કરો.'

અને સિપાઇઓએ એ ભૂખ્યા અને અશક્ત ઘરડા માછીમારનો ઘસડીને લઇ આવ્યા. એને ખબર પડતી નહોતી કે એ ઘરડી માછણનો શાની કુસી છે.

માછમારનો જોતાં જ માછણે કહ્યું–

'તમે અત્યારે જ દરિયાકિનારે જાવ અને સોનેરી માછલીને કહો કે મારી માછણ મહારાણી દરિયા ઉપર પણ શાસન કરવા માગે છે તો તમે સૌ એની તહેનાતમાં હાજર થઇ જાવ.'

આ સાંભળી પેલો માછીમાર માછણ તરફ ટગર ટગર જોઇ રહ્યો. આ જોઇને માછણે કહ્યું–

'મારી સામે ડોળા ફાડીને શું જોઇ રહ્યા છો? જાવ, હું કહું એમ કરો.'


અને દુઃખી થતો થતો એ ઘરડો માછીમાર દરિયાકિનારે આવ્યો.

એ વખતે આકાશમાં વાદળ છવાઇ



ગયાં હતાં, આકાશમાં વીજળી ચમ-
કતાં હતાં, પવનનું તોફાન ચાલુ હતું
અને વરસાદનું તોફાન થવાની શરૂ-
આત હતાં.

માછીમારે દરિયાને કિનારે ઊભા
રહીને સોનેરી માછલીને પોકાર કર્યો.



'હે સોનેરી માછલી, મારી ઉપર દયા કરીને એક વખત તું પાછી આવ.'

બરાબર એ જ વખતે સમુદ્રમાં ભયંકર તોફાન આવ્યું.

દરિયાની સપાટી ઉપર પાણીની ઊથલપાથલ મચી ગઇ.

વરસાદ પણ એકદમ વરસવા લાગ્યો.

મૂશળધાર વરસાદ પડવા લાગ્યો.

પેલો ઘરડો માછીમાર પલળતો ભીંજાતો સોનેરી માછલીની રાહ જોઇને ઊભો હતો.

થોડીવારમાં જ એક ભયંકર ગડ-

ગડાટ અવાજ થયો, અને ભયંકર ગર્જના કરતા કાળા કાળા મોજા ઉપર એ સોનેરી માછલી દેખાઈ.

એ સોનેરી માછલીએ જરા ગુસ્સો કરીને કહ્યું.

'અરે ઘરડા માછીમાર! મહારાણી




બન્યા પછી પણ તારી ઘરડી માછણને
કંઈ બાકી રહી ગયું છે ?'

માછીમારે ત્રણ વખત એ સોનેરી
માછલીને નમન કર્યાં.

પછી માછણની ઇચ્છા એને કહી
સંભળાવી.

આ સાંભળતાં જ સમુદ્રને એકદમ



જાણે ગુસ્સો ચડયો હોય એમ એકદમ ઊછળવા લાગ્યો.

ઊછળતા દરિયાએ એક ભયંકર ગર્જના કરી અને પેલી સોનેરી માછલીને પોતાની અંદર સમાવી લીધી.

આથી સોનેરી માછલી કંઇ જ જવાબ આપી શકી નહિ.

આથી ઘરડો માછીમાર નિરાશ થઇ ગયો. નિરાશ થઇને એ પાછો ઘેર આવવા રવાના થયો.

ઘેર આવીને જોયું તો અહીં પણ ફેરફાર થઇ ગયો હતો.

રાજમહેલની જગ્યાએ મૂળ હતી એવી જ ઝૂંપડી બની ગઇ હતી.



અને એ જ જૂનો તૂટલો ખાટલો.
નહોતા રહ્યા હવે નોકર કે ચાકર
અસંતોષનું આવું છે. અને અભિ-
માનનું પણ એવું જ છે.

સંતોષી નર સદા સુખી.

# લાખનું નાક

કાશી નામની એક નગરી હતી.

એ નગરીમાં બ્રહ્મદત્ત નામનો એક રાજા રાજ કરતો હતો.





એ રાજા પાસે એક બ્રાહ્મણ હતો. તે તલવારનાં લક્ષણ બતાવતો હતો.

કોઇ પણ લુહાર તલવાર બનાવીને લાવે ત્યારે તેને ખરીદતાં પહેલાં રાજા એ તલવારની પરીક્ષા કરવા માટે પેલા બ્રાહ્મણને આપે.

તલવાર જોઇને એ બ્રાહ્મણ કહી આપે કે તે સારી છે કે ખરાબ.

એ બ્રાહ્મણ ખૂબ લાલચુ હતો.

તલવારનું લોખંડ સારું છે કે ખરાબ એ જાણવા માટે એ તલવારને સૂંઘતો હતો.

એનું કહેવું એમ હતું કે તલવાર સુંઘીને પોતે કહી શકતો કે એનું લોઢું સારું છે કે ખરાબ!

ખરી રીતે તો એની આ રીત એક ચાલબાજી હતી.

જે લુહાર એને લાંચ આપતા એની તલવારનાં એ વખાણ કરતો અને જે



જે લોકો લાંચ આપતા નહિ એની
તલવારને એ વખોડતો.

જેની તલવારનાં એ વખાણ કરતો
એની તલવાર રાજા ખરીદી લેતો. જેની
તલવારને એ વખોડતો એની તલવાર
એને પાછી આપવામાં આવતી.

એક વખતની વાત છે.

એક ગરીબ લુહાર સરસ મઝાની મજબૂત તલવાર બનાવીને લાવ્યો.

રાજાએ એ તલવાર બ્રાહ્મણને આપી.

બ્રાહ્મણે એ તલવાર હાથમાં લીધી, એને સુંઘી અને પછી કહ્યું.





'મહારાજ ! આ તલવાર સારી નથી તથા લાભદાયક પણ નથી !

એ તલવારને સારી કેવી રીતે કહી શકે ? તલવારને સારી કહેવડાવવા માટે તો એને લાંચ આપવી પડે.

અને આ લાંચ આપવા માટે એ ગરીબ લુહાર શક્તિમાન ન હતો.

પરિણામ એ આવ્યું કે રાજાએ એની તલવાર ખરીદી નહિ.

એનો એની તલવાર પાછી આપી.

આથી એ ગરીબ લુહાર દુઃખી થયો.

પણ એ લુહારનો ખૂબ લાગી ગયું એટલે એણે બદલો લેવાનો નિર્ણય કર્યો.

અને એ લુહાર ચાલ્યો ગયો.

થોડા દિવસ વીતી ગયા એ વાતને.

એ લુહાર બીજી તલવાર બનાવીને લાવ્યો. એ તલવાર જ્યારે મ્યાનમાં મૂકી ત્યારે એણે થોડી મરચાંની ભૂકી પણ મ્યાનમાં ભરી દીધી.

એ લુહાર તલવાર લઈને રાજા પાસે આવ્યો.



રાજાએ નિયમ મુજબ એ તલવાર પેલા બ્રાહ્મણને આપી.

બ્રાહ્મણે મ્યાનમાંથી તલવાર કાઢી અને સૂંઘવા માટે નાક પાસે લઇ ગયો.

અને મરચાંની ભૂકી લીધે અને તરત છીંકો આવવા માંડી.

છીંક આવતાંની સાથે જ એનું નાક તલવારની ધાર સાથે ટકરાયું.



અને તરત જ એનું નાક કપાઈ ગયું.

જે દરબારીઓ એ બ્રાહ્મણને ઠગ સમજ્યા હતા એ લોકો તો ખૂબ રાજી થયા.

એને પોતાની કરણીનું ફળ મળી ગયું.

અને પેલા ગરીબ લુહારની ચતુરાઈને લીધે બીજાઓ જે લાંચ આપતા હતા, તેઓની લાંચ બચી ગઈ.

ત્યારથી તલવારનો સોદો ગુણને લીધે થવા માંડયો, પૈસાના જોરે નહિ.

રાજાને એ બ્રાહ્મણની સ્થિતિ જોઇને દયા આવી.

એટલે રાજાએ એને લાખનું નાક કરાવી આપ્યું. અને નાકની જગ્યાએ બરાબર ગોઠવી આપ્યું.

અજાણ્યાને તો ખબર જ ન પડે કે આ એનું નાક સાચું છે કે ખોટું.

રાજાએ ત્યારથી એ બ્રાહ્મણને લોકોની સેવા કરવાનું કામ સોંપ્યું.

બ્રાહ્મણ લોકોની સેવા કરવા લાગ્યો.

એક દિવસની વાત છે.

બ્રાહ્મણ લોકોની સેવા કરતો હતો. ઘણા લોકો મેદાનમાં એકઠા થઇ ગયા હતા. સૌની સાથે એ મહેનત કરતો હતો.

એ વખતે તડકો પણ ઘણો હતો.

આ તડકામાં એ બ્રાહ્મણનું લાખનું નાક ઓગળી ગયું.

નાક નીચે પડી ગયું.

અને લોકો આ બ્રાહ્મણની જૂની વાત જે ભૂલી ગયા હતા તે યાદ આવી ગઇ.



ખરેખર, લાલચુ અને ઠગ લોકોને પોતાની કરણીનું ફળ મળ્યા વગર રહેતું જ નથી.

☆